**એમ્બ્રોઇડરી ઉદ્યોગના 10 ઓક્ટોબરના મહાસંમેલનથી કારીગર યુનિયન છંછેડાયા**

**કારખાનેદારો અને શ્રમિકો સામસામે**

# દિવાળી પહેલા જ 'ગામ ચલો' આંદોલનનું યુનિયનનું એલાન

**4 લાખ** કારીગરોના હકો અને શ્રમ કાયદાના અમલનો મુદ્દો ગરમાયો

**કારીગર** યુનિયનનું એલાન, "રજા નહીં તો કામ નહીં, કાયદેસર ફરિયાદ કરીશું"

સુરતઃ શહેરના એમ્બ્રોઇડરી ઉદ્યોગમાં સાપ્તાહિક રજા, લઘુત્તમ વેતન અને શ્રમ કાયદાના અમલના મુદ્દે કારીગરો અને કારખાનેદારો વચ્ચે તણાવની સ્થિતિ સર્જાઈ રહી છે. આશરે 4 લાખ કારીગરોના હકો અને નિયમોના અમલ અંગે ચર્ચા કરવા 10 ઓક્ટોબરે એમ્બ્રોઇડરી કારખાનેદારો દ્વારા મહાસંમેલન યોજાવાનું છે ત્યારે કારીગર યુનિયન તરફથી પણ આક્રમક વલણ સામે આવ્યું છે. તેમણે કારીગરોને કારખાનાનું નામ, સરનામું, માલિકનું નામ અને સંપર્ક નંબર સાથે ડેપ્યુટી લેબર કમિશનર, લેબર ઇન્સ્પેક્ટર તથા કલેક્ટરને લેખિત ફરિયાદ કરવા જણાવ્યું છે.

દુબેએ વધુમાં કહ્યું હતું કે દિવાળી અને છઠ પૂજા વતનમાં પરિવાર સાથે ઉજવવાની અપીલ કરતાં તેમણે કહ્યું કે આવા સંજોગોમાં સુરતમાં રોકાઈ રહેવાનો કોઈ અર્થ નથી.

તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે કેટલાક કારખાનેદારો કાયદાકીય સૂચનાઓનો અમલ કરવા તૈયાર નથી. આવા કારખાનેદારોને દિવાળી સિઝનની ચિંતા કરવાની જરૂર ન રહે તેવી ચીમકી આપતાં તેમણે કારીગરોને રજા આપતા કારખાનેદારોને સહયોગ આપવા અપીલ કરી હતી. દરમિયાન, સોશિયલ મીડિયા વીડિયો બાદ દુબેએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે તેમના નિવેદનનો હેતુ કોઈના માન-સન્માનને ઠેસ પહોંચાડવાનો નહોતો. તેમનો ભાવાર્થ માત્ર એટલો હતો કે થોડા દિવસ કારીગરો શાંતિથી વતન જતા રહે તો માલિક-મજૂર વચ્ચે ઘર્ષણ ટાળી શકાય. માલિકો કંપની બંધ રાખવા માગતા હોય તો થોડા દિવસ કંપની બંધ રાખે અને કારીગરો દિવાળી-છઠ પરિવાર સાથે ઉજવે તેવી તેમણે વાત કરી હતી.

બીજી તરફ, સુરત જિલ્લા કલેક્ટર તથા નાયબ શ્રમ આયુક્તની કચેરી દ્વારા બે દિવસ અગાઉ એમ્બ્રોઇડરી સહિત ટેક્સટાઇલ ક્ષેત્રના એસોસિએશનોને પરિપત્ર પાઠવી કામના કલાકો, સાપ્તાહિક રજા અને લઘુત્તમ વેતન સહિતની કાયદાકીય જોગવાઈઓનું પાલન કરવા સૂચના આપવામાં આવી હતી. આ સમગ્ર વિવાદ વચ્ચે હવે 10 ઓક્ટોબરના મહાસંમેલન અને કારીગર યુનિયનની આગામી કાર્યવાહી પર ઉદ્યોગની નજર મંડાઈ છે. દિવાળી સીઝન નજીક હોવાથી રજા અને શ્રમ કાયદાના અમલનો મુદ્દો ઉદ્યોગમાં વધુ ગરમાવાની શક્યતા છે.

**લઘુત્તમ વેતનના ધોરણ મુજબ રૂ.522 પ્રમાણે રોજ ચૂકવાશે : કારખાનેદાર**

સુરત એમ્બ્રોઇડરી જરી એસોસિએશનના અગ્રણી કરુણેશ રાણપરિયાના જણાવ્યા મુજબ 8 કલાકના કામ માટે લઘુત્તમ વેતનના ધોરણ મુજબ રૂ.522 રોજ ચૂકવવાની વ્યવસ્થા કરવામાં આવશે. એમ્બ્રોઇડરી ડિઝાઇનની ચોરી અટકાવવા કારીગરોને મોબાઈલ ફોન સાથે યુનિટમાં પ્રવેશ ન આપવા અંગે પણ ચર્ચા ચાલી રહી છે. સાપ્તાહિક રજાની વિગતો વિસ્તારવાર કલેક્ટર અને શ્રમ વિભાગને આપવામાં આવશે.

**VS**

**શ્રમ કાયદાનો અમલ નહીં થાય તો ફરિયાદ કરાશે : યુનિયન**

એમ્બ્રોઇડરી કારીગર યુનિયનના નેતા અજય ડી. દુબેએ સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ કરીને કારીગરોને અપીલ કરી છે કે જે કારખાનેદારો સાપ્તાહિક રવિવારની રજા, લઘુત્તમ વેતન અને અન્ય શ્રમ કાયદાની જોગવાઈઓનો અમલ ન કરે તેમની સામે કાયદેસર ફરિયાદ કરવામાં આવે. જો પરિપત્રનો અમલ ન થાય તો સામૂહિક રીતે બે મહિના માટે વતન જવાના 'ગામ ચલો આંદોલન'નો માર્ગ અપનાવવામાં આવે.

# દારૂના કારોબારમાં કેશિયર રાજ ઉચ્ચ અધિકારીઓ જ ઘૂંટણિયે

૮૦ પેટી દારૂ કાંડમાં ચોકબજાર PI રાતડાનો ભોગ લેવાયો

**'સુપર કમિશનર'** બનેલા પ્રવીણસિંહ-નીલેશ સામે તંત્ર લાચાર

સુરત : રાજ્યના ગૃહ વિભાગના 'ઝીરો ટોલરન્સ' ના દાવાઓના સુરત પોલીસ કમિશનરેટમાં ખુલ્લેઆમ ધજાગિયા ઊડી રહ્યા છે. પોલીસ સ્ટેશનોમાં IPS કે PI નહીં, પરંતુ કથિત વહીવટદાર 'કેશિયરો' ચલાવી રહ્યા હોવાનો જડબેસલાક પુરાવો ચોકબજાર પોલીસ સ્ટેશનના ચકચારી દારૂ પ્રકરણમાં સપાટી પર આવ્યો છે. દોઢ મહિના અગાઉ ચોકબજાર પોલીસ મથકની હદમાં કુખ્યાત બુટલેગર ભરત પટ્ટીના અડ્ડા પરથી ૮૦ પેટી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયા બાદ ગાંધીનગર DGP કચેરીએ સીધો દંડો પછાડીને PI રાતડા અને ડી-સ્ટાફ PSI વી.ટી. દોડિયાની તાત્કાલિક અસરથી બદલીના આદેશો કર્યા હતા. જોકે, આ આખા કૌભાંડના અસલી ખેલાડી અને ખાખીને બદનામ કરનારા કથિત કેશિયરો સામે કોઈ કાર્યવાહી ન થતાં પોલીસ વિભાગમાં ભારે રોષ ભભૂકી ઊઠ્યો છે.

**મોટા સાહેબો જોકર, વહીવટદારો 'સુપર કમિશનર'!**

ચોકબજાર દારૂ પ્રકરણમાં સૌથી શરમજનક બાબત એ છે કે, જેમના સીધા આશીર્વાદ અને રહેમનજર હેઠળ કાળો કારોબાર ધમધમતો હતો તેવા બે સ્થાનિક કેશિયર-કોન્સ્ટેબલ પ્રવીણસિંહ અને નીલેશ સામે ખાતાકીય તપાસ સુદ્ધાં કરવાની કોઈની તાકાત નથી ચાલી. એક તરફ પીઆઇ રાતડા જેવા સિનિયર અધિકારીઓ પર કાર્યવાહીનો કોરડો વીંઝાયો, ત્યારે બીજી તરફ અસલી સૂત્રધાર કોન્સ્ટેબલો આજે પણ નિર્ભય બનીને ચોકબજારમાં જ છાતી કાઢીને નોકરી કરી રહ્યા છે.

**બે PIને ઘરભેગા કરાવનાર પ્રવીણસિંહને કોનું રક્ષણ?**

આ સમગ્ર મામલામાં કોન્સ્ટેબલ પ્રવીણસિંહની ભૂમિકા સૌથી વધુ વિવાદાસ્પદ અને શંકાસ્પદ છે. પોલીસ વિભાગમાં ચાલતી ચર્ચા મુજબ પ્રવીણસિંહ ભૂતકાળમાં અઠવા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો હતો ત્યારે તેના કથિત ગેરકાયદે વહીવટ અને ભ્રષ્ટાચારના કારણે બે-બે પીઆઇ સસ્પેન્ડ થઇ ચૂક્યા છે. ગંભીર ગુનાહિત ઈતિહાસ અને ખાતાને કલંકિત કરવાનો સ્પષ્ટ રેકોર્ડ હોવા છતાં, પ્રવીણસિંહને કયા ઉચ્ચ અધિકારીના આશીર્વાદથી ચોકબજાર જેવા કમાઉ પોલીસ મથકનો વહીવટ સોંપવામાં આવ્યો?

**ગૃહ મંત્રાલય સુરતમાં સર્જિકલ સ્ટ્રાઇક કરશે?**

જ્યારે ડીજી કચેરી અને રાજ્યનું ગૃહ મંત્રાલય દારૂબંધીના નામે કડક હોવાનો દાવો કરે છે, ત્યારે સુરતમાં કેશિયરોની આ દાદાગીરી ખાખી વર્દી માટે મોટો કલંક સાબિત થઈ રહી છે. પીઆઇ રાતડા અને પીએસઆઇ વીટી દોડિયા નો ભોગ લઈ સમગ્ર મામલા પર લીપાપોતી કરી દેવાઈ છે, પરંતુ અસલી કાળો કારોબાર ચલાવનારા વહીવટદારો હજુય બેરોકટોક હપ્તા ઉઘરાવી રહ્યા છે. જો રાજ્ય ગૃહ મંત્રાલય અને સ્ટેટ વિજીલન્સ સુરતમાં અડિંગો જમાવીને બેઠેલા આ કથિત કેશિયરોની બેનામી સંપત્તિ, તેમના ફોન કોલ્સ અને ઉચ્ચ સ્તરે પહોંચતા હપ્તાઓના નેટવર્કની તટસ્થ તપાસ કરાવે, તો સુરત પોલીસમાં ચાલતા 'કેશિયર રાજ'ના મૂળિયાં હચમચી જાય તેમ છે.

### કેન્સરની સારવારનો ક્લેઇમ નકારનાર વીમા કંપનીને સમાધાન કરવું પડ્યું

સુરતઃ વરાછાના હીરાબાગનાં વેપારી રાજેન્દ્ર ઉકાણીની પત્નીને ખોપરીના આધાર ભાગે કેન્સરની ગંભીર ગાંઠનું નિદાન થતાં મુંબઈની હોસ્પિટલ ખાતે સર્જરી અને પ્રોટોન થેરાપી કરાવવામાં આવી હતી.આ બીમારીની સારવાર પાછળ કુલ ૧૫ લાખનો ખર્ચ થયો હતો, જેમાંથી પોલિસીના નિયમો મુજબ મળવાપાત્ર ૧૦,૫૦,૦૦૦ નો ક્લેઇમ વીમા કંપનીમાં રજૂ કરવામાં આવ્યો હતો. વીમા કંપનીએ હોસ્પિટલના પેકેજ બિલમાં પ્રોટોન થેરાપીનું અલગ બ્રેકઅપ ન હોવાનું ટેકનિકલ કારણ ધરીને આ ક્લેઇમ ફગાવી દીધો હતો.જેની સામે ફરિયાદીએ ગ્રાહક સુરક્ષા કોર્ટમાં ફરિયાદ કરી હતી. આ દરમિયાન વીમા કંપની એ સમાધાનકારી વલણ અખત્યાર કરી ને કમિશન સમક્ષ લેખિત બાંહેધરી આપી ફરિયાદ પક્ષને રૂપીયા ૧૦ લાખ આપવાનું સ્વીકારી લીધું હતું.

### રૂ.૧.૩૮ કરોડની છેતરપિંડીના કેસમાં આરોપીની આગોતરા નામંજૂર

સુરતઃ રૂ.૧.૩૮ કરોડની છેતરપિંડીના કેસમાં મોટા વરાછાના રોનક કાકડીયાની આગોતરા જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. ફરિયાદ મુજબ આરોપીએ ફરિયાદીને પોતાની કંપનીમાં વેસ્ટ પ્લાસ્ટિક શોર્ટિંગના વર્કિંગ પાર્ટનર બનાવવાનું જણાવ્યું હતું. અમેરિકાથી પ્લાસ્ટિક બોટલ સ્ક્રેપનો માલ ઇમ્પોર્ટ કરવા તેમજ વાપીની કંપની પાસેથી કાઉડંગ (ગાયના છાણા) ખરીદી દુબઈ એક્સપોર્ટ કરવાના ધંધામાં રોકાણની વાત કરી ટુકડે-ટુકડે કુલ ૧,૮૩,૯૯,૪૬૧ મેળવ્યા હતા. બાદ ૪૫ લાખ પરત આપી બાકીના ૧.૩૯ કરોડ પરત ન આપી વિશ્વાસઘાત કર્યાનો આરોપ છે. આરોપીએ આ છેતરપિંડીના ગુનામાં ધરપકડ ટાળવા માટે આગોતરાં જામીન અરજી રજૂ કરી હતી.

### કામ નહીં મળતા મોરાભાગળના યુવકે કેનાલમાં પડતું મૂક્યું

સુરતઃ મૂળ ઓલપાડના વતની અને હાલ મોરાભાગળ દાંડી રોડ પર આવેલી ગંગાનગર સોસાયટીમાં પરિવાર સાથે રહેતા 43 વર્ષીય સતીષકુમાર નગીનભાઈ પટેલે યોગ્ય કામધંધો નહીં મળવા ઉપરાંત બ્લડપ્રેશરની બીમારીથી કંટાળી કેનાલમાં ઝંપલાવીને આપઘાત કર્યો હતો.

### લોન ધારકને ચેક રિટર્ન કેસમાં સજા

સુરતઃ પુણા ગામના મુકેશ રામાણીને ચેક રિટર્ન કેસમાં કોર્ટે દોષિત ઠેરવતા ૧ વર્ષની સાદી કેદની સજા ફટકારી હતી. શ્રી ગુરુદત્ત અર્બન કો.ઓ. ક્રિડિટ સોસાયટી લિ.માંથી લીધેલી લોનની ચૂકવણી પેટે આપેલા ચેક રિટર્ન થતાં સોસાયટીએ આરોપી વિરુદ્ધ એડ્વોકેટ નરેશ નાવડીયા, ભાવેશ નાવડીયા અને સંદીપ માંગુકીયા મારફતે કોર્ટમાં ફરિયાદ કરી હતી. જે કેસની સુનાવણી પૂર્ણ થયા બાદ કોર્ટે આરોપીને એક વર્ષની સજા અને ચેકની રકમ વળતર તરીકે ચૂકવવા હુકમ કર્યો હતો.

## અપરિપક્વતા કે પ્રેમમાં કાયદાની જાળમાં ફસાયેલા યુવાનોની જેલમાં મોટી સંખ્યા

**સુરત** જિલ્લામાં પોક્સો એક્ટ જાગૃતિ અભિયાન નન્હી કિલકારીનો શુભારંભ કરાવતા હાઈકોર્ટના ન્યાયાધીશ ગીતા ગોપી

સુરતઃ આજે ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસીસ ઓથોરિટી દ્વારા સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી અને સુરત મહાનગરપાલિકાના સહયોગથી સુરત જિલ્લામાં પોક્સો જાગૃતિ અભિયાન 'નન્હી કિલકારી'નો શુભારંભ ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશ ગીતા ગોપીના હસ્તે કરવામાં આવ્યો હતો. જસ્ટિસ ગીતા ગોપીએ બાળકોની સુરક્ષાના ગંભીર મુદ્દાઓ પર પ્રકાશ પાડી કાયદાકીય જોગવાઈઓનું સખત પાલન સુનિશ્ચિત કરવા પર ભાર મૂક્યો હતો. સુરતના મુખ્ય જિલ્લા ન્યાયાધીશ રાહુલ ત્રિવેદીએ મહાનુભાવોને આવકારી જણાવ્યું કે, પોક્સો કાયદો પોતાનું કામ કરશે, પરંતુ જ્યાં સુધી આપણે જાગૃત નહીં થઈએ ત્યાં સુધી બાળકો સુરક્ષિત નહીં થાય. મ્યુનિ.કમિ. રાજકુમાર બેનિવાલે પ્રાસંગિક ઉદ્બોધન કરતા કહ્યું કે, પોક્સોના મોટાભાગના કેસોમાં પીડિત બાળક આરોપીને ઓળખતું હોય છે અને વિશ્વાસ કરતું હોય છે. એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ સેલના એસીપી કે. મિની જોસેફે પોક્સો એક્ટ વિશે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી સમજ આપી હતી. મુખ્ય જિલ્લા સરકારી વકીલ નયન સુખડવાલા અને પોક્સો જજ (બારડોલી) પ્રીતકમલ તીર્થરામે ઉદ્બોધનમાં 'નન્હી કિલકારી' પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોને સુરક્ષિત રાખવાની સાથે-સાથે સમાજ અને કિશોર-યુવા વર્ગમાં કાયદાકીય જાગૃતિ ફેલાવવાનો અને તમામ વિભાગો વચ્ચે પરસ્પર સંકલન મજબૂત કરવાનો છે, તેમ જણાવ્યું હતું.

## ચૌટાનાં દબાણો શાસક પક્ષ નેતા અને વિધાનસભાના ઉપાધ્યક્ષને પણ નડ્યાં

**દક્ષેશ** માવાણી મેયર હતા ત્યારે પોલીસ કમિશનરને સાથે રાખી ચૌટા બજારનાં દબાણો સામે મેદાને ઊતર્યા હતા, જોકે હવે સ્થિતિ ફરી ઠેરની ઠેર



સુરતઃ ભૂતકાળમાં સુરતના પૂર્વ મેયર દક્ષેશભાઈ અને પૂર્વ પોલીસ કમિશનર ગેહલોત દ્વારા ચૌટા બજારને દબાણમુક્ત કરવા માટે હાથ ધરવામાં આવ્યું હતું. જોકે, હવે શાસકો બદલાઇ જતા ફરી ચૌટાબજારની સ્થિતિ બગડી છે. તા.૨ ઓક્ટોબર-૨૦૨૬ના રોજ બપોરે ૧:૧૨ કલાકે ચૌટા બજારમાં ખાદી ભંડાર ખાતે ખાડી ખરીદવા ગયેલા વિધાનસભાના ઉપાધ્યક્ષ પૂર્ણેશ મોદી અને શાસક પક્ષ નેતા અલ્પા મહેતા તેમજ સ્લમ ઇમ્પ્રુવમેન્ટ કમિટીની ચેરમેન દિગ્વિજયસિંહ બારડની ગાડીઓ પણ ચૌટાપુરનાં ગેરકાયદે દબાણોમાં અટવાઇ જતાં જોવા જેવી થઇ હતી.

આ ઘટનાએ સાબિત કરી દીધું છે કે, ચૌટા પુલના માથાભારે દબાણકર્તાઓ સામે શાસકોનું પણ કંઇ ઉપજતું નથી. અતિશય ગીચતા અને ગેરકાયદે લારી-ગલ્લાના કાયમી ચક્રવ્યૂહ વચ્ચે વાહનો અટવાઈ પડતાં મનપા તંત્ર અને શાસક પક્ષના નેતાઓને ભારે શરમ અનુભવવી પડી હતી. આટલી અપમાનજનક પરિસ્થિતિમાં મુકાયા બાદ પણ સુરત મહાનગરપાલિકાનું પ્રશાસન અને શાસક પક્ષ હવે જાગીને ચૌટા બજારના આ માથાના દુખાવા સમાન ગેરકાયદે દબાણોને કાયમી ધોરણે દૂર કરાવવા માટે કડક હાથે કાર્યવાહી કરશે કે કેમ? તેની પર સૌની નજર છે.

## વેસુમાં DPS સ્કૂલ બસે ૭૭ વર્ષીય વૃદ્ધને ઉડાવ્યા

**વી.આઈ.પી.** રોડ પર રસ્તો ઓળંગતા સર્જન પેલેસના રહીશની બ્રેઇન સર્જરી, વૃદ્ધ હજુય બેભાન

સુરત : મહિધરપુરા ખાતે હીરા દલાલીનું કામ કરતા અને વેસુ વી.આઈ.પી. રોડ સ્થિત શ્રી સર્જન પેલેસ સોસાયટીમાં રહેતા ધીરજભાઈ સીરોહિયા ગત તા. ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ બપોરે ૨:૪૫ વાગ્યાના અરસામાં કામ અર્થે ડાયમંડ બુર્સ ગયા હતા. તે સમયે સોસાયટીમાંથી તેમના ફોન પર કોલ આવ્યો હતો કે, તેમના ૭૭ વર્ષીય નિવૃત્ત પિતા વિજયસિંહ ઝવરલાલ સીરોહિયા સોસાયટી સામેનો રોડ ઓળંગી ઘર તરફ આવી રહ્યા હતા ત્યારે એક સ્કૂલ બસે તેમને જોરદાર ટક્કર મારી છે. આ જાણી ધીરજભાઈ તુરંત નજીકની ગ્રીન લીફ હોસ્પિટલ દોડી આવ્યા હતા, જ્યાં તેમના પિતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત અને બેભાન હાલતમાં મળ્યા હતા.

ડોક્ટરોએ તપાસ કરતા વિજયસિંહના માથાના ભાગે ગંભીર આંતરિક ઈજા હોવાથી તે જ દિવસે મોટું ઓપરેશન કરવું પડ્યું હતું. ઓપરેશન બાદ પણ પિતા હોસ્પિટલમાં બેભાન અવસ્થામાં સારવાર હેઠળ છે. સોસાયટીના પ્રત્યક્ષદર્શીઓ પાસે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, DPS સ્કૂલની બસ (નંબર GJ-01-FT-6837) ના ચાલકે પોતાની બસ પૂરઝડપે અને બેદરકારીપૂર્વક હંકારી વિજયસિંહને અડફેટે લીધા હતા અને અકસ્માત સર્જી નાસી છૂટ્યો હતો. આ મામલે વેસુ પોલીસે સ્કૂલ બસના ચાલક વિરુદ્ધ કાયદેસરનો ગુનો નોંધી ફરાર ડ્રાઈવરને પકડી પાડવા તપાસ ચક્રો ગતિમાન કર્યા છે.

**SIR મુદ્દે સુરત NSUIનું વિરોધ પ્રદર્શન**

## મતદાર યાદીમાંથી નામ દૂર કરવાના આક્ષેપો વચ્ચે જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ

**MTB** કોલેજ ગેટ પાસે NSUIના કાર્યકરો-વિદ્યાર્થીઓના સૂત્રોચ્ચાર; પોલીસે આગેવાનો અને હોદ્દેદારોની અટકાયત કરી

સુરતઃ વિશેષ મતદાર યાદી પુનઃ નિરીક્ષણ (SIR) પ્રક્રિયાને લઈને દેશભરમાં ઉઠેલા વિવાદ વચ્ચે સુરત NSUI દ્વારા શુક્રવારે અઠવાલાઈન્સ સ્થિત MTB કોલેજના ગેટ પાસે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. NSUIના કાર્યકરો અને વિદ્યાર્થીઓએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે સૂત્રોચ્ચાર કરી વિરોધ નોંધાવ્યો હતો.

NSUIનો આક્ષેપ છે કે SIRની પ્રક્રિયા દરમિયાન મોટી સંખ્યામાં મતદાતાઓનાં નામ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવ્યાં છે. જેના કારણે નાગરિકોના મતાધિકારને અસર થવાની શક્યતા ઊભી થઈ છે. સંગઠને સમગ્ર પ્રક્રિયાની નિષ્પક્ષ અને પારદર્શક તપાસ કરવાની તેમજ જવાબદારી નક્કી કરવાની માંગ કરી હતી. વિરોધ પ્રદર્શન દરમિયાન કાર્યકરો દ્વારા લોકશાહી બચાવો અને મતદાતાના અધિકારોનું રક્ષણ કરો સહિતના સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. NSUI આગેવાનોએ જણાવ્યું હતું કે, મતદાર યાદીમાં સુધારા કે નામ દૂર કરવાની કોઈપણ પ્રક્રિયા પારદર્શક હોવી જોઈએ અને કોઈ પાત્ર મતદારનું નામ ભૂલથી દૂર ન થાય તેની ખાતરી થવી જરૂરી છે. સુરત NSUI પ્રમુખ માજીદ પટેલે જણાવ્યું હતું કે, "મતદાનનો અધિકાર લોકશાહીની સૌથી મોટી તાકાત છે. જો કોઈપણ કારણસર મતદાતાઓનાં નામ મતદાર યાદીમાંથી દૂર થતા હોય તો તેની નિષ્પક્ષ તપાસ થવી જોઈએ અને જવાબદારો સામે યોગ્ય કાર્યવાહી થવી જોઈએ. દરમિયાન સુરતમાં યોજાયેલા વિરોધ પ્રદર્શન બાદ પોલીસે NSUIના હોદ્દેદારો અને આગેવાનોની અટકાયત કરી હતી.

### 'જીવતા જવું હોય તો રૂપિયા આપી દો' કહી યુવકને લૂંટી લીધો

સુરત : વરાછા માતાવાડી સ્થિત સરોવર પેલેસમાં રહેતા અને મૂળ રાજસ્થાનના જાલોર જિલ્લાના કાનડર ગામના વતની ભરતભાઈ દેવીચંદ રાવલ (ઉં.વ. ૩૨) ન્યૂ બોમ્બે માર્કેટ સામે આવેલ મોમાઈ કોમ્પ્લેક્સમાં 'વારાહી એજન્સી'માં નોકરી કરે છે. ગત તા. ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યાના અરસામાં ભરતભાઈ નોકરી પર જવા માટે ઘરથી નીકળ્યા ત્યારે રિક્ષામાં બેઠા હતા. રિક્ષાચાલકે થોડે દૂર જઈ રિક્ષામાં હવા ઓછી છે તેમ કહી ભરતભાઈને પાછળ બેસાડી રિક્ષાચાલક અને પાછળ બેઠેલા બંને ગઠિયાઓએ ચાલુ રિક્ષામાં જ ડરાવી-ધમકાવી ભરતભાઈના ખિસ્સામાંથી રોકડા રૂપિયા ૧૫,૫૦૦ લૂંટી લીધા હતા અને ખાડી મહોલ્લા ગુરૂપુષ્પક સર્કલ પાસે રિક્ષા ઊભી રાખી ભરતભાઈને નીચે ઉતારી મૂક્યા હતા અને રિક્ષા ભગાડી મૂકી હતી.

## ફોરેક્ષ ટ્રેડિંગમાં નફાની લાલચે વેપારી સાથે રૂ.૫૮.૫૦ લાખની છેતરપિંડી

**ટેલિગ્રામ** પર 'શ્રુતિ શેટ્ટી' બની સંપર્ક કરી, 'PU Prime'ના નામે બોગસ વેબસાઇટ બનાવી રોકાણ કરાવ્યું

સુરત : વેસુમાં રહેતા અને ભાઠેના ખાતે ટેક્સટાઇલનો વેપાર કરતા વેપારીને ઓનલાઇન ફોરેક્ષ ટ્રેડિંગમાં મોટો નફો કમાવવાની લાલચ આપી રૂપિયા ૫૮.૫૦ લાખની છેતરપિંડી કરવામાં આવી હોવાની ઘટના સામે આવી છે.

પોલીસ ફરિયાદ મુજબ વેસુના રૂધમ એવેન્યુમાં રહેતા અને ભાઠેના ખાતે ટેક્સટાઇલની દુકાન ધરાવતા ૪૫ વર્ષીય સંજયભાઇ ગૌતમચંદ ધેલારીયાનો ગત નવેમ્બર-૨૦૨૫ના અરસામાં ટેલિગ્રામ એપ્લિકેશન મારફતે શ્રુતિ શેટ્ટી નામની વ્યક્તિ સાથે સંપર્ક થયો હતો. શ્રુતિ શેટ્ટીએ પોતાની ઓળખ 'PU Prime' નામની ફોરેક્ષ ટ્રેડિંગ કંપનીમાં કામ કરતી હોવાનું જણાવી હતી.

ત્યારબાદ આરોપીએ ટેલિગ્રામ અને વોટ્સએપ મારફતે વેપારી સાથે સતત વાતચીત કરી વિશ્વાસ કેળવ્યો હતો. બાદમાં ફોરેક્ષ ટ્રેડિંગમાં રોકાણ કરવાથી સારો નફો મળશે તેવી લાલચ આપી એક વેબસાઇટની લિંક મોકલવામાં આવી હતી. વેપારીનું આ વેબસાઇટ પર રજીસ્ટ્રેશન કરાવી આઇડી બનાવવામાં આવી હતી. વેપારીને વેબસાઇટ પર ટ્રેડિંગમાં નફો થતો હોવાનું બતાવવામાં આવતાં તેઓ આરોપીઓની વાતમાં વધુને વધુ વિશ્વાસ મૂકતા ગયા હતા. ત્યારબાદ અલગ અલગ તબક્કે જુદા જુદા બેંક ખાતાઓમાં કુલ રૂપિયા ૫૮,૫૦,૦૦૦ જેટલી રકમ ટ્રાન્સફર કરાવવામાં આવી હતી.

જોકે, વેબસાઇટ પર નફાની રકમ દેખાતી હોવા છતાં વેપારીએ પોતાની રકમ ઉપાડવા માટે વિથડ્રોઅલ રિક્વેસ્ટ કરી હતી. ત્યારે આરોપીઓએ 'આરઓસી પોલિસી' અને 'કેપિટલ રેશિયો'નો ભંગ થયો હોવાનું જણાવી રકમ ઉપાડવા માટે વધુ નાણાં ડિપોઝિટ કરવાની માંગણી કરી હતી. વેપારીને શંકા જતાં આરોપીઓએ ફોન ઉપાડવાનું પણ બંધ કરી દીધું હતું. જેથી વેપારીએ તાત્કાલિક સાયબર ક્રાઇમ હેલ્પલાઇન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદના આધારે સુરત સાયબર ક્રાઇમ પોલીસે ગુનો નોંધી અલગ અલગ બેંક ખાતાઓમાં ગયેલી રકમ, આરોપીઓના મોબાઇલ નંબર તથા ઓનલાઇન ટ્રાન્ઝેક્શનની વિગતોના આધારે તપાસ હાથ ધરી છે.

**બેદરકારી** હજી કેટલી ગાંધી જયંતી સુધી રાહ જોવી પડશે?

## ભીમરાડનું ઐતિહાસિક સ્મારકનું કામ દોઢેક વર્ષથી ટલ્લે!

સુરતઃ સુરતનું ભીમરાડ ગામ એક એવું સ્થળ છે જે વૈશ્વિક ટુરિઝમના નકશા પર સ્થાન જમાવવાની યોગ્યતા ધરાવે છે. પરંતુ કમનસીબે સરકારી તંત્રની ઉદાસીનતાને પગલે એના વિકાસનું કામ કાચબા કરતા ય ધીમી ગતિએ ચાલી રહ્યું છે. ગઈકાલે ગાંધી જયંતિ નિમિત્તે બધાએ યથાશક્તિ ગાંધીજીને યાદ કર્યા હશે. પણ બહુ ઓછાને ખબર છે કે આખા વિશ્વમાં જેની ચર્ચા થયેલી એ નમક સત્યાગ્રહનું એક મહત્વનું કેન્દ્ર તે આ ભીમરાડ ગામ. ૬ એપ્રિલ, ૧૯૩૦ના રોજ દાંડી ખાતે મીઠાના કાયદાનો ભંગ કર્યા બાદ ૯ એપ્રિલે ગાંધીજી ભીમરાડ પહોંચ્યા અને વિશાળ જનમેદનીને સંબોધી. જેને નમક સત્યાગ્રહ નિમિત્તે ઓજાયેલી સૌથી મોટી જાહેર સભા કહી શકાય. ભીમરાડ એવું ગામ છે જ્યાં ગાંધીજીના પરિવારના છ સભ્યો વારાફરતી આવ્યા હોય. સત્યાગ્રહ દરમિયાન ગાંધીજીના બે પુત્રો મણીલાલ તેમજ રામદાસની ધરપકડ અહીંથી જ થયેલી. ગાંધીજીના પ્રપૌત્ર કનુભાઈના પત્ની ડૉ. શિવાલક્ષ્મીએ જીવનના અંતિમ બે વર્ષ ભીમરાડ ગામ ખાતે જ ગાળ્યા. સૌથી ચોંકાવનારી હકીકત તો એ છે કે દાંડી કૂચ વખતે ચપટી મીઠું ઉપાડીને સવિનય કાનૂનભંગ કરતાં ગાંધીજીની જે તસ્વીર આખા વિશ્વમાં પ્રસિદ્ધ થઇ, એ દાંડીની નહિ પણ ભીમરાડની છે!

**વિડીયો જોવા માટે QR કોડ સ્કેન કરો**




**કરોડોની ફાળવણી, છતાં વિકાસની વિલંબગતિ!**

ભીમરાડના ભૂતપૂર્વ સરપંચ અને માજી કોર્પોરેટર એવા બળવંતભાઈ પટેલે ભીમરાડનું ઐતિહાસિક મહત્વ સ્થાપિત કરવામાં ખાસી જહેમત ઉઠાવી છે. અહીં ગાંધીઆશ્રમ વિકસાવવા માટે રાજ્યસરકારના પ્રવાસન નિગમ તરફથી થોડા વર્ષો પહેલા મંજૂરી પણ મળી ગઇ છે. જે-તે સમયે કરોડોની ગ્રાન્ટ પણ ફાળવવામાં આવેલી. તેમ છતાં અહીના તળાવ તેમજ મેદાનના વિકાસના કાર્યો હજી અધૂરા છે. કમ્પાઉન્ડ વોલ ન હોવાને કારણે અનધિકૃત દબાણોની આશંકા તોળાઈ રહી છે. અહીં આવનાર પ્રવાસીઓ અને સંશોધકોના રહેવાની વ્યવસ્થા, વ્યવસાયિક તાલીમકેન્દ્ર, મલ્ટિપર્પઝહોલ સહિતની ઘણી સુવિધાઓ વિકસાવી શકાય એમ છે. વળી ગાંધી આશ્રમ એવી મોકાની જગ્યાએ છે કે બહારથી આવનારા પ્રવાસીઓ કે વિદેશી ડેલિગેશન્સને બહુ સરળતાપૂર્વક આ ઐતિહાસિક વારસાના દર્શને લઇ જઈ શકાય. સરથાણા કન્વેન્શન સેન્ટર અહીંથી માત્ર અડધો કિલોમીટરના અંતરે છે, જ્યારે ડાયમંડ બુર્સ માત્ર દોઢ કિલોમીટર દૂર છે. આઈકોનિક રોડ થકી એરપોર્ટ પર ઉતરનાર પ્રવાસીઓ પણ આસાનીથી ભીમરાડ સુધી પહોંચી શકે એમ છે. પણ કોણ જાણે કેમ છેલ્લા દોઢેક વર્ષથી અહીના આશ્રમના ડેવલપમેન્ટનું કામ લગભગ ઠપ્પ છે. ગઈ કાલે વધુ એક ગાંધી જયંતિ ગઈ. પણ આ પ્રોજેક્ટ પૂરો થતા હજી બીજી કેટલી ગાંધી જયંતિઓ જશે એ તો સરકારી તંત્ર જ જાણે!

## ગુજરાત ભાડા વિધેયકના વિરોધમાં આજે BCGની બેઠક

**આજે** સુરત ખાતે વકીલોની ત્રીજા દિવસની હડતાળ યથાવત્ રહેશે

સુરતઃ ગુજરાત ભાડા વિધેયકના વિરોધમાં આવતીકાલે સવારે ૧૧:૩૦ કલાકે ગુજરાત બાર કાઉન્સિલના તમામ સભ્યોની એક અગત્યની વીડિયો કોન્ફરન્સ બેઠક બોલાવવામાં આવી છે. આ અંગે બી.સી.જી. (BCG) ના ચેરમેન પી. ડી. પટેલે જણાવ્યું હતું કે આ વિધેયક સામે મજબૂતાઈથી લડત ચલાવવા અને આગામી દિવસોની રણનીતિ નક્કી કરવા આ બેઠક બોલાવવામાં આવી છે. આજે આ વિધેયક સામે ગુજરાતભરનાં વકીલોનો આક્રોશ છે. સરકારે આ વિધેયકને પરત લેવું જ પડશે. સમગ્ર ગુજરાતનાં વકીલો એકજૂટ થઈને ગુજરાત ભાડા વિધેયક સામે લડત ચલાવશે.

દરમિયાન સુરતનાં વકીલોએ ગત તા. ૩૦મી સપ્ટેમ્બરથી સુરત સહિત ગુજરાતભરના વકીલોએ ગુજરાત ભાડા વિધેયકના વિરોધમાં હડતાળનું રણશિંગુ ફૂંક્યું છે. સતત બે દિવસ હડતાળ બાદ આજે ગાંધી જયંતિ નિમિત્તે જાહેર રજા હોવાથી વકીલો આવતીકાલે હડતાળના ત્રીજા દિવસને વધુ અસરકારક રીતે સફળ કરવા સવારે દસ વાગ્યાથી સુરત કોર્ટ સંકુલના મુખ્ય ગેટ પાસે હાજર થઈ જશે. હાલ બી.સી.જી. તરફથી નવી કોઈ સૂચના ન હોવાથી હડતાળ યથાવત રહેશે. હડતાળને કારણે કોર્ટનાં કામકાજ પર વ્યાપક અસર સાથે વકીલો અને પક્ષકારો વચ્ચે ભારે ઘર્ષણ પણ થઈ રહ્યું છે. દરમિયાન બી.સી.જી. સભ્ય ઝકી શેખે જણાવ્યું હતું કે આ વિધેયક બાબતે ગુજરાત સરકાર સામે સુરત સહિત ગુજરાતભરના વકીલો પ્રજાહિતમાં આંદોલન જારી રાખશે.